<u>આંક–૩૪ ની પુરસીસના આધારે આંક–૧ નીચે હુકમ</u>

ફોજદારી કેસ નં.૩૦૦/૨૦૨૫

પુરસીસ તેમજ કેસનુ રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે. પુરસીસ આપી ફરીયાદી તરફે કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરેલ.

પુરસીસ સંદર્ભે ફરિયાદી ને પુછતા તેમણે કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરી છે. પુરસીસ સંદર્ભે રજુઆત સાંભળ્યા બાદ અદાલતને સંતોષ થતા પુરસીસ ને રેકર્ડનો ભાગ બનાવી **આંક–૩૪** થી દાખલ કરી છે. આમ અહી ફરિયાદી જ પોતાનો કેસ વિથડ્રો કરવા માંગતા હોવાની રજુઆત કરવામાં આવી છે. ફરિયાદીની પુરસીસ સંદર્ભે કાયદાકીય જોગવાઈ તેમજ કેસનુ રેકર્ડ જોતા, આરોપી સામેનો કેસ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના બદલ નોંધવામાં આવ્યો છે. આ કામે આરોપી પર આરોપવામાં આવેલો ગુનો સમન્સ ટ્રાયબલ પ્રકારનો છે. આ કેસ ખાનગી ફરીયાદના આધારે દાખલ થયો છે. હવે ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ ૨૫૭ મુજબ જો ફરિયાદી, અદાલતને સંતોષ થાય તો તેવી રીતે સાબીત કરી શકે કે ફરીયાદ પાછી ખેંચવા માટે પુરતા કારણો છે તો અદાલત આરોપી કે પોતાની વિરુધ્ધની ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપી શકે.અહી ફરિયાદી જ સ્વેચ્છાએ વિડ્રો પુરસીસમાં રજુઆત કરી છે કે, આરોપીએ સમાધાન મુજબની રકમ ચુકવી આપેલ હોઈ અને બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય , પોતે સદર ફરિયાદ પાછી ખેંચવા માંગતા હોઈ ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપવી ન્યાયોચિત છે. આથી ફરીયાદીને ફરીયાદ પાછી ખેંચવાની પરવાનગી આપી, કેસ વિથડ્રો થી ફેસલ ગણવાનો અને આરોપીને નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ કાયમી લોક અદાલત તારીખ.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

તારીખ:–૧૮/૦૪/૨૦૨૬
સ્થળ :– ધનસુરા
કાયમી લોક અદાલત

(સબા.સૈયદ)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
ધનસુરા
જજ કોડ જીજે–૦૧૫૭૮